પ્રિય સભ્ય,

મોલીનાનાં એક સભ્ય બનવા માટે તમારો આભાર તમારું ધ્યાન રાખવું અમારા માટે જરૂરી છે.

**હેલ્થ બેનીફીટસ ફોર ઈમિગરંટ સિનીયર્સ (HBIS)/ હેલ્થ બેનીફીટસ ફોર ઈમિગરંટ એડલ્ટસ (HBIA) કાર્યક્રમ મારફત તમારું નામાંકન કરવામાં આવે છે. દેશાગમનની સ્થિતિને લક્ષ્યમાં લીધા વિના, આ કાર્યક્રમ 42+ ઉમરના પુખ્તો અને વરિષ્ઠ ઉંમરના વ્યક્તિઓને કવચ પૂરું પાડે છે. આ સંદેશાવ્યવહાર તમારી સભ્ય પુસ્તિકા ઉપરાંતમાં પૂરો પાડવામાં આવી રહ્યો છે. તમારી પુસ્તિકા આવરી લેવામાં આવેલ સેવાઓ, અમારા નેટવર્ક પ્રદાતાઓ, આવરી લેવાયેલ પ્રિસ્ક્રીપ્શન દવાઓની યાદી, લેખિત અને મૌખિક અનુવાદની સેવાઓ બાબતના તમારા હક્કો, એક ફરિયાદ કે અપીલ કેવી રીતે દાખલ કરવી, અને વધુ મહત્વપૂર્ણ રીતે જો તમને કોઇપણ પ્રશ્નો હોય તો અમારો કેવી રીતે સંપર્ક કરવો સહીત મોલીનામાં તબીબી લાભોના કાર્યક્રમ અંગેની તમામ બાબતો સમજાવે છે.**

**આ ઉમેરણનો હેતુ આ સભ્ય પુસ્તિકામાં જણાવેલ કઈ સેવાઓને આવરી લેવામાં આવશે નહીં તે સમજાવવાનો છે; અને કઈ સેવાઓ HBIA/HBIS કાર્યક્રમ હેઠળ કોપેમેન્ટનો સમાવેશ કરી શકે છે તે સમજાવવાનો છે.**

જો તમને તમારા લાભો, પ્રદાતાઓ કે સેવાઓ બાબતે કોઇપણ પ્રશ્નો હોય તો, સભ્ય સેવાઓને (855) 687-7861, TTY:711 ઉપર કોલ કરવા વિનંતી. પ્રતિનિધિઓ તમારો કોલ સોમવાર થી શુક્રવાર સવારના 8 થી સાંજના 5 સુધી લઇ શકે છે. ભાષા સહાયતા અને અનુવાદ વિનંતી ઉપર ઉપલબ્ધ છે.

**HBIA/HBIS માટે આવરી લેવામાં આવેલ સેવાઓ**

HBIA/HBIS હેઠળ , મોટા ભાગની સેવાઓ તમારા માટે નિશુલ્ક હશે.

- ડૉક્ટર સંભાળ
- પ્રયોગશાળાના પરીક્ષણો
- પ્રિસ્ક્રીપ્શન દવાઓન
- દાંત સંબંધિત, દ્રષ્ટિ અને પરિવહનની સેવાઓ
- પુનર્વસન સંબંધિત સેવાઓ જેવી કે શારીરિક અને વ્યવસાયિક ઉપચાર
- માનસિક આરોગ્ય અને પદાર્થના ઉપયોગના વિકારની સેવાઓ.
- દવાખાનામાંથી મુક્તિ મળ્યા બાદ 90 દિવસો સુધી, કાળજી પૂર્વક સંભાળની, પુનર્વસન સેવાઓ
- કીડની અને સ્ટેમ સેલ આરોપણની સેવાઓ

આરોગ્ય સંભાળ પ્રદાતાઓ HBIA/HBIS કાર્યક્રમ હેઠળની અમુક સેવાઓ ઉપર કોપેમેન્ટસ વસૂલી શકે છે. કો પેમેન્ટસ એ એવી રકમ છે જે તમે તમારા પોતાના ખિસ્સામાંથી એક રક્ષિત આરોગ્ય સંભાળ સેવા માટે ચૂકવો છો

કોપેમેન્ટસ માટે આ માટે જ વસૂલી શકાય છે :

- બિનઆપાતકાલિન આંતરિક દર્દીઓને દવાખાનામાં દાખલ કરવા માટે: 250 ડોલરના કોપેમેન્ટ સુધી..
- બિનઆપાતકાલિન દવાખાના કે એમ્બ્યુલેટરી સર્જીકલ ટ્રીટમેન્ટ સેન્ટર (ASTC) બાહ્ય દર્દીની સેવાઓ - તબીબી ચુકવણીના 10% સુધી.

તમે ચૂકવી શકો તે રકમ સેવાના આધારે બદલશે. તમે તમારી સેવા મેળવો તે પહેલા, તમારા ડોક્ટર તમારા ડોક્ટરે તમને જણાવવું જરૂરી છે કે તેઓ કોપેમેન્ટસ વસૂલશે કે કેમ અને તેનો ખર્ચ કેટલો થશે.

એવી અમુક સેવાઓ છે જે HBIA/HBIS હેઠળ આવરી લેવામાં આવેલ નથી :

- લાંબા સમયગાળાની સંભાળની સેવાઓ સામાન્ય રીતે આવરી લેવામાં આવશે નહીં. આમાં ઘરે સંભાળ લેવાની સેવાઓ અને ઘરે સંભાળ લેવાની સેવાઓનાં વૈકલ્પિક સ્થાન તરીકે ઘર કે સમુદાય આધારિત સેવાઓનો સમાવેશ થાય છે.
- આરોપણની સેવાઓ, ઉપર રક્ષિત કરાયા મુજબની નોંધેલ સેવાઓ સિવાય.
- ઘર અને સમુદાય આધારિત સેવાઓ (વેઈવર સેવાઓ)

## અન્ય સંસાધનો

જો તમને પ્રશ્નો હોય, તો કૃપા કરીને અમને (855) 687-7861, TTY:711 પર કૉલ કરો. પ્રતિનિધિઓ તમારો કોલ સોમવાર થી શુક્રવાર સવારના 8 થી સાંજના 5 સુધી લઇ શકે છે. ભાષા સહાયતા અને અનુવાદ ઉપલબ્ધ છે.

મેનેજ્ડ કેર ઓર્ગેનાઈઝેશન સાથે હેલ્થ કવરેજ પ્રોગ્રામમાં દાખલ થવું, જેમ કે ઇમિગ્રન્ટ સિનિયર્સ માટે હેલ્થ બેનિફિટ (HBIS) અને ઇમિગ્રન્ટ એડલ્ટત માટે હેલ્થ બેનિફિટ (HBIA), જાહેર ચાર્જ ટેસ્ટમાં ગણવામાં આવતું નથી. આ પ્રોગ્રામમાં દાખલ થવાનું તમારા ઇમિગ્રેશન સ્ટેટસ અને ઇમિગ્રેશન એપ્લિકેશનને અસર કરશે નથી.

સાર્વજનિક ચાર્જ વિશે વધુ માહિતી માટે, પ્રોટેકટીંગ ઇમિગ્રન્ટ ફેમિલીઝ ઇલિનોઇસ વેબસાઇટ અથવા કીપ યોર બેનિફિટ્સ ઇલિનોઇસ વેબસાઇટની મુલાકાત લો. તમે ICIRR ની પરિવાર સહાય હોટ લાઈન પર અંગ્રેજી/ સ્પેનિશ / કોરિયન/ પોલિશમાં કૉલ કરી શકો છો 1-855-HELP-MY-FAMILY (1-855-435-7693).

જો તમને અન્ય પ્રશ્નો હોય તો, ઈમિગરંટ ફેમીલી રિસોર્સ કાર્યક્રમનો (855)-437-7669 ઉપર સંપર્ક કરો. જો તમે ચિંતિત હોવ કે આ પ્રોગ્રામ તમારા ઇમિગ્રેશન સ્થિતિ કેવી રીતે બદલી શકે છે તો તમે pifillinois@povertylaw.org પર પ્રોટેકટીંગ ઇમિગ્રન્ટ ફેમિલીઝને ઇમેઇલ પણ કરી શકો છો.

હેલ્થ એન્ડ ફેમીલી સર્વિસીસ (HFS)ના ઈલીનોઈસ વિભાગની વેબસાઈટ HBIS કાર્યક્રમ ઉપર સંશાધનો અને માહિતી અહી પ્રસ્તુત કરે છે https://hfs.illinois.gov/medicalclients/coverageforimmigrantseniors.html.

## વધારે માહિતી માટે

**વેલકમીંગ સેન્ટર્સ ફોર રેફયુજી એન્ડ ઈમિગરંટ સર્વિસીસની કચેરી**, DHS બ્યુરો ઓફ રેફ્યુજી એન્ડ ઈમિગરંટ સર્વિસીસનો સંપર્ક કરો, ફોન (312) 793-7120, અથવા ઈમેઈલ કરો. **DHS.BRIS@illinois.gov**